BUSINESS મિત્ર

એશિયન બજારો તૂટ્યા છતાં સેન્સેક્સ 898 પોઇન્ટ ઉછળ્યો

બેન્ક શેરોની તેજી અને રૂપિયાની મજબૂતાઈ વચ્ચે રોકાણકારોને 1 લાખ કરોડની કમાણી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 20: ભારતીય શેરબજારમાં સતત બીજા દિવસે ઉછાળો ચાલુ રહ્યો હતો અને નિફ્ટી ઓલટાઇમ હાઇ તરફ આગેકૂચ કરી રહી હતી. ક્રુડ ઓઇલના ઘટી રહેલા ભાવોના કારણે રૂપિયામાં મજબૂતાઇ સાથે 93ની નીચે સરકી જતાં શેરબજારમાં જોશ જોવા મળ્યો હતો. ખાસ કરીને પીએસયુ બેન્કોની સાથે સાથે પ્રાઇવેટ બેન્કોમાં જોશ ભરાતા બેન્ક નિફ્ટી વધુ ઉછળી હતી અને નવી ઉંચાઇ બનાવતી જોવા મળી હતી. જ્યારે બ્રોડર માર્કેટમાં સુસ્ત વલણ રહ્યું હતું, જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહી હતી. પરંતુ રોકાણકારોએ એક લાખ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આજે સેન્સેક્સ 900 પોઇન્ટથી વધુ ઉછળ્યો હતો, જેને ઇન્ટ્રાડેમાં 84000 પોઇન્ટની સપાટી કુદાવી દીધી હતી. જ્યારે નિફ્ટી 25800 પોઇન્ટ પર બંધ રહી હતી. શરૂઆતમાં બજાર વધઘટે ઘટયું હતું, પણ મિડ સેશન બાદ નવેસરથી ખરીદી અને ખાસ કરીને બેન્ક શેરોમાં ધૂમ ખરીદીએ સેન્સેક્સ અને નિફ્ટી ઉછળ્યા હતા. જેમાં સેન્સેક્સ નીચલા સ્તરેથી 1635 પોઇન્ટ વધ્યો હતો. જ્યારે નિફ્ટી 464 પોઇન્ટ વધી હતી. જેના લીધે બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 514.17 લાખ કરોડ પર પહોંચ્યું હતું. બીએસઇ સેન્સેક્સ 897.96 પોઇન્ટ એટલે કે 83919.71 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 84000 પોઇન્ટની સપાટી કુદાવીને 84037 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 82403 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 25800 પોઇન્ટની સપાટી સર કરી હતી. આજે નિફ્ટી 286.30 પોઇન્ટ એટલે કે 1.12 ટકા વધીને 25800.60 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી.

આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25808 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25345 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી વણથંભી ઉછળતી જોવા મળી હતી. આજે પણ બેન્ક નિફ્ટી 1572.20 પોઇન્ટ એટલે કે 2.49 ટકા વધીને 63635.20 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. પીએસયુ બેન્કની સાથે પ્રાઇવેટ બેન્કોમાં પણ જોરદાર લેવાલી નીકળી હતી. બીએસઇ ખાતે નુવોકો વિસ્ટાસ કોર્પોરેશનમાં 22.99 ગણા, ક્રેડિટ એકસેસ ગ્રામીણમાં 10.78 ગણા, એલ એન્ડ ટી ફાઇ.માં 9.01 ગણા, એપીએલ અપોલો ટયુબ્સમાં 7.48 ગણા અને પ્રેસ્ટીજ એસ્ટેટમાં 5.77 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે નુવોકો વિસ્ટાસ કોર્પોરેશનમાં 58.72 ગણા, ફર્સ્ટ સોર્સ સોલ્યુશન્સમાં 11.06 ગણા, નારાયણા હૃદયાલયામાં 6.24 ગણા, ટાટા એલેક્સીમાં 5.71 ગણા, શ્રી સિમેન્ટમાં 5.64 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.40 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.07 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહી હતી. બીએસઇ ખાતે 1812 શેરો વધ્યા હતા, જ્યારે 2563 શેરો ઘટયા હતા.

સેન્સેક્સ	897.96	83919.71
નિફ્ટી	286.30	25800.60
બેન્ક નિફ્ટી	1572.20	64635.20

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અપોલો હોસ્પિટલ	5.29	9200.00
એક્સીસ બેન્ક	4.72	1446.00
મેક્સ હેલ્થકેર	3.88	1081.00
મારૂતિ સુઝુકી	3.11	14011.00
અલ્ટ્રાટેક સિમેન્ટ	3.02	12939.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાઇટન કંપની	1.70	4620.00
ટાટા સ્ટીલ	1.60	178.00
એનટીપીસી	1.08	321.50
એચયુએલ	1.05	2052.50
જિયો ફાઇનાન્સીયલ	0.81	224.97

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
કોટક બેન્ક	3.08	516.00
એચડીએફસી બેન્ક	3.02	845.25
મારૂતિ સુઝુકી	2.88	13990.30
અલ્ટ્રાટેક સિમેન્ટ	2.75	12926.40
બજાજ ફાઇનાન્સ	2.47	1120.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાઇટન કંપની	1.71	4610.00
ટાટા સ્ટીલ	1.69	177.75
એનટીપીસી	1.29	320.80
એચયુએલ	0.96	2054.00
સન ફાર્મા	0.94	1885.10

ક્રુડ ઓઇલ નરમ પડતા રૂપિયો 93ની નીચે

ક્રુડ ઓઇલના ભાવમાં સતત ઘટાડો થઇ રહ્યો છે અને ક્રુડ ઓઇલ 91 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી જતાં રૂપિયાને જબરજસ્ત બુસ્ટ મળ્યું હતું. જેના પરિણામે આજે રૂપિયામાં જોરદાર મજબૂતાઇ જોવા મળી હતી, જે 93ની નીચે સરક્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 63 પૈસા ઉછળીને 92.67ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 93.30ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 101.83, પાઉન્ડ 121.93, કેનેડિયન ડોલર 64.80, ઓસ્ટ્રેલિયન ડોલર 62.09, જાપાનીઝ યેન 0.5842 અને સીંગાપોર ડોલર 71.83ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	92.67 રૂ.
યુરો	101.83 રૂ.
પાઉન્ડ	121.94 રૂ.
યેન	0.5842 રૂ.

સોનું 1 વર્ષની નીચલી સપાટીએ

સોના-ચાંદીમાં સતત 9મા દિવસે કડાકો

સોનું રૂ. 5,200 ઘટીને 1,29,300 થયું જ્યારે ચાંદી 29 જાન્યુઆરીના સર્વોચ્ચ સ્તરથી રૂ. 2.46 લાખ તૂટી

વૈશ્વિક બજારોમાં પણ સોના ચાંદીમાં ઘટાડો

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ): વૈશ્વિક બજારોમાં સતત વેચવાલીના દબાણ, મજબૂત ડોલર, બોન્ડમાં ઊંચુ વળતર અને અમેરિકી વ્યાજદર વધવાની અપેક્ષા વચ્ચે શુક્રવારે નવી દિલ્હીમાં કિંમતી ધાતુઓમાં ભારે કડાકો બોલાયો હતો. 99.9 ટકા શુદ્ધતા ધરાવતું સોનું સતત નવમા સત્રમાં રૂપિયા 5,200 ઘટીને તમામ કર સહિત રૂપિયા 1,29,300 પ્રતિ 10 ગ્રામ થયું હતું, જે ગુરુવારે રૂપિયા 1,34,500 હતું.

9 નવેમ્બરથી સોનામાં રૂપિયા 17,600 એટલે કે 12 ટકાનો ઘટાડો થયો છે અને તે એક વર્ષની નીચલી સપાટીએ પહોંચ્યું છે, જ્યારે જાન્યુઆરીના રૂપિયા 1.83 લાખના વિક્રમી સ્તરથી રૂપિયા 53,700 એટલે કે 29.3 ટકા ગગડ્યું છે. સોનાની સાથે ચાંદીના ભાવમાં પણ ઘટાડા સામે કોઈ રાહત મળી ન હતી. ચાંદી રૂપિયા 4,000 ઘટીને રૂપિયા 1.58 લાખ પ્રતિ કિલો થઈ છે, જે 5 નવેમ્બરથી 19 ટકા અને 29 જાન્યુઆરીના રૂપિયા 4.04 લાખના સર્વોચ્ચ સ્તરથી રૂપિયા 2.46 લાખ એટલે કે 61 ટકા તૂટી છે. રૂપિયામાં આ સપ્તાહે 1.5 ટકાથી વધુ સુધારાથી સ્થાનિક ભાવ પર દબાણ વધ્યું, છતાં નીચા ભાવે લગ્નસરાની ખરીદીને ટેકો મળ્યો છે.

ચાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ દીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ,,	૧૫૪
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ,,	૧૬૦
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭
લોકલ		RIL રિલાયન્સ	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	વેલનોન (જીએસટી સાથે)	
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ,,	૧૭૦
		-----	---
		૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
		ગાર્ડન	
		૪૮/૨૪ એફડીવાય	૧૫૭
		૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
		૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
		૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
		૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
		૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
		૮૦/૭૨ રોટો	૧૬૭.૫
		૩૦/૨૪ બ્રાઇટ	---
		૩૦/૩૬ એફડી	---
		TPM	૧૬૭.૫

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૭૦૦
એમ-૩૦	૫૬૦૦
એસ-૩૦	૫૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફલાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૨૭૫૦૦
તેજાબી સોનું	૧૨૭૪૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૨૨૧૧૨૫
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૨૪૯૫૦
સોનાનાં બિસ્કીટ	૧૨૭૫૦૦૦
ચાંદી (૯૯૯)	૧૫૫૫૦૦
ચાંદી સિક્કા	૧૫૬૦૦૦

સોના અને ચાંદીમાં વાયદા બજારમાં કડાકો

MCX પર સોનાના ભાવમાં રૂ. 6,000નો ઘટાડો

ચાંદીના વાયદામાં રૂ. 10,600નો ઘટાડો

ETFમાં 7.5% સુધી ઘટાડો

મુંબઈ તા. 20: દિવાળી બાદ સોના અને ચાંદીના બજારમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. સોનાના ભાવમાં આજે પણ અંદાજે 7,000 રુપિયાનો ઘટાડો નોંધાયો છે. છેલ્લા 4થી 5 દિવસમાં પ્રતિ 10 ગ્રામ સોનાના ભાવમાં કુલ 17,000 રુપિયાનો તોતિંગ ઘટાડો થયો હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ ચાંદીના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. સોના-ચાંદીના ભાવમાં આવેલા આ ઘટાડાને પગલે બજારમાં ભારે હલચલ જોવા મળી રહી છે.

સોનાના ભાવમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. આજે પણ પ્રતિ 10 ગ્રામ સોનામાં અંદાજે રુપિયા 7,000નો ઘટાડો થયો છે. છેલ્લા 4થી 5 દિવસમાં સોનાના ભાવમાં કુલ 17,000 રુપિયાનો ઘટાડો નોંધાયો છે. એક વર્ષની અંદર સોનાનો ભાવ 1.83 લાખથી ઘટીને 1.27 લાખ પર પહોંચ્યો છે. આમ, એક વર્ષમાં સોનાના ભાવમાં 56,000નો ઘટાડો થયો છે. સોનાની સાથે ચાંદીના ભાવમાં પણ મોટો કડાકો જોવા મળ્યો છે. ચાંદીનો ભાવ 4.25 લાખથી ઘટીને 2.73 લાખ પર પહોંચ્યો છે. આમ, ચાંદીના ભાવમાં 1.52 લાખનો ઘટાડો નોંધાયો છે. ટોચના સ્તરની સરખામણીએ હાલ સોનું અંદાજે 30થી 35 ટકા અને ચાંદી આશરે 55 ટકા નીચા ભાવે મળી રહી હોવાનું જણાવાયું છે. આંતરરાષ્ટ્રીય બજાર પાછળ સોના અને ચાંદી બજારમાં કોહરામ મચી ગયો છે.

સ્પોન્સરશીપ લેતા ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન નકારી શકાય નહિ

ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નવા સુધારા મુજબ A.Y. 2022-23 A.Y. 2026-27 ના પાંચ વર્ષના સમયગાળા માટે આપવામાં આવ્યું હતુ અને ત્યારબાદ ટ્રસ્ટો દ્વારા બીજા પાંચ વર્ષો માટે રીન્યુઅનલ અરજી કરવામાં આવી. જો અરજીના વર્ષ પહેલાંના બે વર્ષોમાં ટ્રસ્ટની કુલ આવક (રીસીપ્ટસ) 5 કરોડથી ઓછી હોય તો 1-4-2025થી અમલી પ્રોવિઝો મુજબ 10 વર્ષનું રીન્યુઅલ આપવાની વાત છે. પરંતુ કમિશ્નર (E) દ્વારા કોઈને કોઈ કારણ આગળ કરીને આવા રીન્યુઅલ રિજેક્ટ કરવામાં આવ્યા છે. જેમાં ટ્રસ્ટ દ્વારા પ્રવૃતિઓ જેન્યુઈન નથી, ધાર્મિક છે, ખોટી પેટા-કલમમાં અરજી કરી છે વિગેરે વિગેરે

દિલ્હી ટ્રીબ્યુનલ

વિમેન્સ ગોલ્ફ એસોસીએશન ઓફ ઈન્ડિયાના આ ચૂકાદાની વિગતોમાં ટ્રસ્ટની રીન્યુઅલ અરજી રદ કરતાં કમિશ્નરે એવું જણાવ્યું કે ટ્રસ્ટ ટુર્નામેન્ટ યોજે છે, એન્ટ્રી ફી લે છે, મોટી કંપનીઓ પાસેથી સ્પોન્સરશીપ લે છે. અને આવી વાણિજ્યિક આવક ટ્રસ્ટની કુલ આવકના 20%થી વધે છે, જે કલમ-2(15) અંતર્ગત નિયમનો ભંગ છે. વધુમાં નોંધ્યું કે અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીના



તા-19-10-2022ના સુપ્રિમ કોર્ટના ચૂકાદાની હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ હોય અને ટ્રસ્ટોની વાણિજ્યિક (commercial) પ્રવૃતિઓને માન્યતા મળતી નથી. આમ રીન્યુઅલ અરજી અમાન્ય ઠેરવી

ચૂકાદાના તારણો

1. સુપ્રિમ કોર્ટના ચૂકાદાથી એ ફલિત થતું નથી કે સ્પોન્સરશીપ કોન્ટ્રાક્ટથી આ ધંધાકિય પ્રવૃત્તિ બને છે. સંસ્થાના ઉદેશ્યો જોવાના છે, પ્રવૃત્તિઓ જોવાની છે. જો સંસ્થાની આવક અને ખર્ચતા તફાવતમાં થોડો નફો (surplus) બચતો હોય તેટલા માત્રથી નફાનો ઉદેશ્ય છે એ ફલિત થતું નથી.

2. અહીં મુદ્દો આવીને અટકેલો છે, સ્પોન્સરશીપની મોટી રકમ કે જે ટ્રસ્ટને મળી છે. રમતગમતને ઉત્તેજન અંગના ઉદેશ્યો જનસાધારણ (General public utility) ધરાવતા હોય કલમ - 2(15) અન્વયે ભલે આવરી લેવાયા છે. છતાં આવી સ્પોન્સરશીપ આવકને લઈને એના સખાવતી (charitable) પ્રકારને બદલતાં નથી.

3. 20%ની મર્યાદા અલગ રીતે લગાવી શકાય નહિ, પરંતુ પ્રવૃત્તિઓ ધંધાકિય, વાણિજ્યિક છે કે નહિ એ નક્કી કરવું જરૂરી છે. સ્પોન્સરશીપ નો હેતૂ ટ્રસ્ટની નાણાંકીય સ્થિતિને પીઠબળ પૂરું પાડવાનો છે.

4. અગાઉ જો ટ્રસ્ટ રજીસ્ટ્રેશનને માન્યતા મળી હોય તો હવે અલગ દષ્ટિકોણ દાખવીને, અન્ય રીતે મૂલવીને ટ્રસ્ટના રીન્યુઅલ અને કેન્સલેશનનો તફાવત જે ભૂંસી નાખી શકાય નહિ. અને હવે તદ્દન અલગ જ સ્ટેન્ડ લેવાનો નિર્ણય મંતવ્ય ફેર છે જે યોગ્ય નથી.

5. રીન્યુઅલ વખતે સંસ્થાની પ્રવૃત્તિઓ જેન્યુઈન છે અને ઉદેશ્યોને અનુરૂપ છે એટલું જ જોવાનું છે. આમ ટ્રસ્ટે કલમ-12AB હેઠળની અમાન્યતા રદ કરીને એને આનુયોગિક કલમ-80Gની માન્યતા પણ મંજૂર z ઠેરવી હતી.

નિવિદા નં.૦૬/૨૦૨૬-૨૭

કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા નીચે મુજબના કામનાઓનલાઈન ઈ-ટેન્ડર થી ભાવો મંગાવવામાં આવે છે.નિવિદા યુનિવર્સિટીની વેબસાઈટwww.nau.in ઉપર પણ જોવા મળશે.

ઈ-ટેન્ડર www.tender.nprocure.com વેબસાઈટ પર ઓનલાઈન ભરવાનું રહેશે.

અ.નં.	કામનું નામ	ટેન્ડર આઈ.ડી.
૧	Hire Charges for Mandap, Stage and related Facilities for Convocation, Krishimela and Other Programs in Navsari Agricultural University	367615

નોંધ : ટેન્ડર સબધિત સુધારા/વધારા અંગેની નોંધ ઉપરોક્ત વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.

કાર્યપાલક ઈજનેર
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

નવસારી
તા.૨૦/૧૧/૨૦૨૬ માહિતી/નવસારી/૪૫૦/૨૦૨૬

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

ઈ-ટેન્ડરીંગ નિવિદા નં.૦૨ ટેન્ડર આઈ.ડી.નં- ૩૬૬૨૫૬ સને: ૨૦૨૬-૨૭(ત્રીજો પ્રયત્ન)
સંપર્ક નં.૦૨૬૨૬-૨૨૦૩૩૮

કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુ.પા.પુ.અને ગ.વ્ય. બોર્ડ, એ-૨૦૧, સીટીલાઇટ ટાવર-એ,બીજો માળ, ઇન્ડિયન ઓઇલ સી.એન.જી.પંપની સામે, કાકરાપાર બાયપાસ રોડ,કાનપુરા,તા.વ્યારા, જી.તાપી પીન-૩૯૪૬૫૦ દ્વારા ટેન્ડરની શરતો મુજબ જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઠેકેદારોશ્રી પાસેથી ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી નિવિદા નં.૦૨ તાપી બકલ પાઈપલાઈન અને જુથ પાણી પુરવઠા યોજનાઓ હેઠળ આવતી રેલ્વે કોસીંગના કામોની અંદાજીત રકમ રૂ.૭,૧૩,૭૨૭.૦૦ માટે યોગ્ય શ્રેણીમાં "ઈ-૨ અથવા ઉપરના" રજીસ્ટ્રેશન ધરાવતા ઠેકેદારો પાસેથી ઓનલાઈન ભાવપત્રક મંગાવવામાં આવે છે. ઉકત કામની ટેન્ડર ફી/ બાનાની રકમ/ પ્રિબીડ મિટીંગ તથા અન્ય વિગતો વેબસાઈટ http://gwssb.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ-૦૭.૧૨.૨૦૨૬ - ૧૮.૦૦ કલાક છે. કોઈ પણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. કામની ટેન્ડર ડોક્યુમેંટ/ સુધારા કે કોઈપણ ફેરફાર ફકત વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો હેલ્પલાઈન નંબર ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

કમાંક . માહિતી-સૂરત/ ૯૧૪ /૨૦૨૬

વિશ્વના ટોચના ત્રણ નેતાઓની ઐતિહાસિક બેઠક પાણી વલોવવા જેવી પુરવાર થઇ



દુનિયાના ત્રણ સૌથી શક્તિશાળી રાજનેતાઓ ભેગા થયા ત્યારે જરૂર કંઈ મોટી ઘટના આકાર લેવાનાં એંધાણ વર્તાતા હતા. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પહેલી વખત સાથે મળ્યા. શેનઝેનમાં એશિયા-પેસિફિક ઇકોનોમિક કોઓપરેશન(APEC) સમિટની બાજુએ આ બેઠક યોજાઇ, જે એવા સમયે યોજાઇ જ્યારે વિશ્વ બે યુદ્ધોનો સામનો કરી રહ્યું છે, અમેરિકા અને રશિયા વચ્ચેની એક મુખ્ય પરમાણુ શસ્ત્ર નિયંત્રણ સંધિ તૂટી ગઈ છે, કૃત્રિમ બુદ્ધિ(AI) પર સ્પર્ધા વધી રહી છે અને વેપાર વિવાદો હજુ પણ વણઉકેલાયેલા છે. આ બેઠકમાં વૈશ્વિક તણાવમાં વધારો થવાના સમયે વિશ્વના ત્રણ સૌથી શક્તિશાળી નેતાઓ એક સાથે આવ્યા. આ ત્રણ નેતાની મુઠ્ઠીમાં આખી પૃથ્વીનું ભવિષ્ય છે. તેઓ ધારે તો આ દુનિયાને યુદ્ધ, ગરીબી, બેકારી, ભૂખમરો વગેરેના ખપ્પરમાંથી બચાવી શકે છે અને ધારે તો દુનિયાને ત્રીજા વિશ્વયુદ્ધ તરફ પણ ધકેલી શકે છે. પરંતુ બેઠકમાં કશું નક્કર થઇ શક્યું ન હોવાના સંકેતો છે.

આ ત્રણ નેતાઓએ બંધબારણે બેઠક યોજી તેમાં એવી કેટલીક ચર્ચાઓ પણ થઇ, જેમાં શું રંધાઇ ગયું તેની આપણને ક્યારેય ખબર નહીં પડે, તેનાં પરિણામો આપણે ભોગવવાં પડશે. આ બેઠકની તુલના ૧૯૪૫ની યાલ્ટા પરિષદ સાથે કરવામાં આવી રહી છે, જેમાં બીજા વિશ્વયુદ્ધના અંતે અમેરિકા, સોવિયેત યુનિયન અને બ્રિટનના નેતાઓ નાઝી જર્મનીની હાર અને યુદ્ધ પછીના યુરોપના રાજકીય ભવિષ્યની ચર્ચા કરવા માટે ભેગા થયા હતા. આ બેઠક એવા સમયે થઇ હતી જ્યારે નાઝી જર્મનીનો પરાજય લગભગ નિશ્ચિત હતો. યાલ્ટા કોન્ફરન્સમાં ક્રિમીઆમાં અમેરિકન પ્રમુખ ફ્રેન્કલિન ડી. રૂઝવેલ્ટ, સોવિયેત નેતા જોસેફ સ્ટાલિન અને બ્રિટિશ વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલને ભેગા કરવામાં આવ્યા હતા. ત્રણેય દેશોના નેતાઓએ જર્મની સામેના અંતિમ લશ્કરી અભિયાન, શરણાગતિ પછી જર્મની પર કબજો, સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના અને યુરોપના રાજકીય પુનર્ગઠન અંગે ચર્ચા કરી હતી. આ બેઠક યાલ્ટાની બેઠક કરતાં અલગ હતી, કારણ કે તે સમયે ત્રણ સાથીઓ યુદ્ધગ્રસ્ત ખંડના ભવિષ્ય માટે વાટાઘાટો કરી રહ્યા હતા, જ્યારે શેનઝેન બેઠક એવા નેતાઓને એકસાથે લાવી હતી, જેમના દેશો અનેક ક્ષેત્રોમાં પ્રભાવ માટે સ્પર્ધા કરી રહ્યા છે.

યાલ્ટા કોન્ફરન્સના લગભગ આઠ દાયકા પછી વોશિંગ્ટન, મોસ્કો અને બેઇજિંગના નેતાઓ એવા સમયે મળ્યા જ્યારે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા મહાસત્તાઓની હરીફાઈ, વિરોધાભાસી સુરક્ષા હિતો અને હાલના વૈશ્વિક વ્યવસ્થાના ભવિષ્ય અંગેના પ્રશ્નોથી ખૂબ પ્રભાવિત છે. ડોનાલ્ડ ટ્રમ્પ ઘણી વાર પોતાને વિરોધી નેતાઓ સાથે વાટાઘાટો કરવામાં સક્ષમ સોદાબાજ તરીકે રજૂ કરે છે. તેમણે આ બેઠકને પરમાણુ શસ્ત્રોનાં નિયંત્રણ અને યુક્રેન અને ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધોને સમાપ્ત કરવાના માર્ગો પર ચર્ચા કરવાની તક તરીકે રજૂ કરી હતી. આ દેશો વિશ્વના સૌથી મોટા પરમાણુ શસ્ત્રાગાર ધરાવે છે, યુએન સુરક્ષા પરિષદમાં કાયમી બેઠકો ધરાવે છે અને સુરક્ષા, વેપાર, ટેકનોલોજી અને ઊર્જાનાં બજારો પર નોંધપાત્ર પ્રભાવ ધરાવે છે. મુખ્ય પ્રશ્ન એ હતો કે શું આ બેઠક સહકાર માટે એક માળખું બનાવશે કે પછી એવી ધારણાને મજબૂત બનાવશે કે વૈશ્વિક બાબતોનો નિર્ણય મુખ્ય શક્તિઓ વચ્ચે વાટાઘાટો દ્વારા લેવામાં આવે છે?. જો કે, આ ત્રણેય દેશો વચ્ચેનાં ઊંડાં વિભાજનને જોતાં તાત્કાલિક કોઈ સફળતાની આશા ઓછી હતી અને બેઠક પછી મળેલા સંકેતો મુજબ બેઠક લગભગ નિષ્ફળ ગઇ છે.

આ બેઠકમાં ચર્ચા કરાયેલા સૌથી મહત્ત્વપૂર્ણ મુદ્દાઓમાં પરમાણુ શસ્ત્ર નિયંત્રણ એક હોવાની અપેક્ષા હતી. અમેરિકા અને રશિયા વચ્ચેની છેલ્લી બાકી રહેલી પરમાણુ

ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

શસ્ત્ર નિયંત્રણ સંધિ, જેને ન્યૂ સ્ટાર્ટ તરીકે ઓળખવામાં આવે છે, તે ફેબ્રુઆરી ૨૦૨૬માં સમાપ્ત થઇ છે. આ કરારમાં બંને દેશોના તૈનાત વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રો અને તેમની ડિલિવરી સિસ્ટમ્સ પર મર્યાદા નક્કી કરવામાં આવી હતી અને ચકાસણી માટેની પદ્ધતિઓ પ્રદાન કરવામાં આવી હતી. તેની સમાપ્તિએ વિશ્વના બે સૌથી મોટા પરમાણુ શસ્ત્રોના ભંડારને નિયંત્રિત કરવા માટેના મુખ્ય માળખાને દૂર કરી દીધું છે. ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા અને અમેરિકા સાથે ચીનને સમાવિષ્ટ કરતાં નવા કરાર પર વાટાઘાટોમાં રસ દર્શાવ્યો હતો અને તેમણે તેમના પ્રસ્તાવને નવો, વધુ સારો અને આધુનિક સોદો ગણાવ્યો હતો પરંતુ પરમાણુ શસ્ત્ર નિયંત્રણ માટે ત્રિપક્ષીય માળખામાં બેઇજિંગનો સમાવેશ કરવો એ એક મહત્ત્વપૂર્ણ પડકાર હતો કારણ કે ચીન પાસે ૬૦૦થી વધુ પરમાણુ શસ્ત્રો હોવાનો અંદાજ છે, જે અમેરિકા અને રશિયા પાસેના ૫,૦૦૦થી વધુ પરમાણુ શસ્ત્રો કરતાં ઘણા ઓછા છે. ચીન શસ્ત્ર નિયંત્રણ માટે તૈયાર ન હતું અને તે માટેની ચર્ચાઓ નિષ્ફળ રહી હોવાના સંકેત છે. ચીન અન્ય બે દેશો પાસે રહેલા મોટા શસ્ત્રાગારને ધ્યાનમાં લેતા પ્રતિબંધો સ્વીકારવામાં અનિચ્છા ધરાવે છે. ચીનના દૃષ્ટિકોણ મુજબ વર્તમાન સ્તરે પરમાણુ શસ્ત્રો બાબતમાં સંખ્યાત્મક મર્યાદા સ્વીકારવાથી પરમાણુ અવરોધ વધારવાનો તેનો લાભ મર્યાદિત થઇ શકે છે, જ્યારે વોશિંગ્ટન અને મોસ્કો પાસે ઘણા મોટા પરમાણુ શસ્ત્રાગા